BRAMPTON

Media Release

ત્વરિત જાહેરાત માટે

# 100 દિવસે: સિટીની COVID-19 સામેની લડત વિષયક અપડેટ્સ

બ્રૅમ્પટન, ઓન્ટારિયો (06 મે 2020) – COVID-19ની સામે લડત ચલાવતા સીટી ઓફ બ્રૅમ્પટને તેમની પ્રથમ ઈમર્જન્સી ઓપરેશન્સ સેંટરની બેઠક કરી તેના આજરોજ 100 દિવસ પૂર્ણ થાય છે

માર્ચમાં જ્યારે પરિસ્થિતિ બગડતી ગઈ ત્યારે સિટીએ સમાજના આરોગ્ય અને સલામતીના રક્ષણ હેતુ નોંધપાત્ર પગલાં લીધા હતાં જેમાં સામેલ છે સવલતો બંધ કરવી, પ્રોગ્રામો રદ કરવા, અને કટોકટીની સ્થિતિની ઘોષણા (Declaration of State of Emergency).

સિટીનાં સૌથી નબળા સમાજો અને અર્થતંત્ર પર થયેલ વાયરસની ભયંકર અસરને ધ્યાન પર લેતા મેયર અને કાઉન્સિલરોએ જરૂરિયાતમંદો માટે ચાર વિશેષોપયુક્ત ટીમો અને પ્રોગ્રામની જાહેરાત કરી હતી: મેયરના COVID-19 ઈકોનોમિક સપોર્ટ, સોશ્યલ સપોર્ટ, સિનિયર્સ સપોર્ટ અને યુથ સપોર્ટ ટાસ્ક ફોર્સિસ તેમજ બૅકયાર્ડ ગાર્ડન પ્રોગ્રામ.

સ્થાનિક ભાગીદારો, સ્વયંસેવકો અને વ્યવસાયોની મદદથી આ ટાસ્ક ફોર્સ દ્વારા આખા સિટીમાં હજારો લોકોને મદદ પહોંચાડવામાં આવી છે.

**મુખ્ય મુદ્દાઓ**

*બૅકયાર્ડ ગાર્ડન પ્રોગ્રામ*

- આજ દિન સુધી પ્રોગ્રામમાં ભાગ લેવા માટે 11,000 કરતા વધુ અરજીઓ મળી છે (જ્યાં લગભગ 5,000 રહેવાસીઓ પ્રતિક્ષા સૂચિમાં છે). પ્રોગ્રામની ક્ષમતા હવે પૂર્ણ થઈ ગઈ છે.

*ઈકોનોમિક સપોર્ટ ટાસ્ક ફોર્સ*

- 5,000 કરતા વધુ વ્યવસાયોને નીચેની બાબતો દ્વારા મદદ પહોંચાડવામાં આવી: રૂબરૂ મદદ અને સલાહસૂચન, વર્ચુઅલ સેમિનારો અને તાલીમ, નવી ઉદ્ભવતી COVID-19 સંબંધિત જરૂરિયાતો અને કાયદા સમજવાની માર્ગદર્શક પ્રક્રિયામાં મદદ, વધુ અવકાશ પ્રાપ્ત કરવામાં વ્યવસાયોને મદદરૂપ થવું.
- COVID-19ના પ્રભાવ અને સંભવિત નિરાકરણોની ચર્ચા કરવાની ટેલિ ટાઉન હૉલ બેઠકો મારફત આશરે 900 વ્યવસાયોને પ્રવૃત્ત કર્યા.
- કલાકારોને મદદ કરવાની સાથે સાથે રહેવાસીઓને મનોરંજનના વિકલ્પો મળવાનું ચાલુ રહે તે માટે વ્યક્તિગત કલા અને સંસ્કૃતિના કાર્યક્રમોને ઓનલાઈન બનાવવા માટે અનુકૂળ કર્યા.

[સિનિયર્સ સપોર્ટ ટાસ્ક ફોર્સ]

- માહિતી અને સંસાધન માટેની માહિતી માટેની 280 વિનંતીઓને જવાબ આપ્યા અને 113 ગ્રોસરી લાવી આપવાની કાર્યવાહીઓ કરી.
- સિટી સપોર્ટ અને પ્રોગ્રામ વિષયક માહિતી પૂરી પાડવા માટે વરિષ્ઠોની સેવા કરતા 35 સામાજિક સંગઠનો સાથે વ્યવહારો કર્યા.
- સક્રિયપણે દીર્ઘવયીન થવાની પ્રક્રિયા અને સુખાકારીને પ્રોત્સાહિત કરવા માટે સિનિયર્સ ડિજિટલ કાફે શરૂ કરવામાં ટેકો પૂરો પાડ્યો.
- સ્થાનિક ગ્રોસર્સ સાથે ભાગીદારી કરી: જેથી લોન્ગોઝ (Longo's), ઇન્ડિયા બઝાર ફ્રેશ પિક્સ એન્ડ ફોર્ટિનોઝ (India Bazaar Fresh Piks and Fortinos) જે વરિષ્ઠો ઓનલાઇન ઓર્ડર્સ આપી શકે તેમ ન હોય તેઓ માટે પેમેંટ કાર્ડ પ્રોગ્રામ વિકસાવ્યો.

સોશ્યલ સપોર્ટ ટાસ્ક ફોર્સ

- ચાર ખાદ્ય વસ્તુ વિતરણ મદદગારો સાથેની ભાગીદારી મારફત કટોકટીની ખાદ્ય વસ્તુ વિતરણ પ્રણાલિનો વિકાસ કર્યો: રિજનરેશન (Regeneration), નાઇટ્સ ટેબલ (Knights Table), ખાલસા એઇડ (Khalsa Aid) અને યુનાઇટેડ સીખ્સ (United Sikhs). છેલ્લા સાત સપ્તાહમાં બ્રૅમ્પટનના રહેવાસીઓને 1,500 કરતા વધુ ભોજન અને ગ્રોસરીઓ ડિલિવર કરવામાં આવી છે – જેની સરેરાશ સપ્તાહ દીઠ 215 ભોજન થાય છે. આ બધું સમર્પિત સ્વયંસેવકો વિના ક્યારેય શક્ય નહોતું જેમણે કુલ 550 સેવાના કલાકોનું યોગદાન આપ્યું છે.
- ખાદ્ય વસ્તુઓના વિતરક મદદગારોને સપોર્ટ કરવા માટે એક કેન્દ્રીય સંચાલિત પ્રણાલિ પ્રસ્થાપિત કરી. કુલ 31,699 પાઉન્ડ ખાદ્ય વસ્તુઓનું દાન પ્રાપ્ત થયું છે તેમજ ટેકઆઉટ પાત્રોના 40 ખોખા (ખોખા દીઠ 100 નંગ) અને 6,000 છીપલાકાર (ક્લૅમશેલ) પાત્રો પ્રાપ્ત થયા છે.
- રિજનને 3 જેટલા ઘરબાર વિનાના લોકોને આવાસ, ભંડોળ અને અન્ય માંગવામાં આવેલ મદદ મેળવવામાં મદદરૂપ થયા.

યુથ સપોર્ટ ટાસ્ક ફોર્સ

- એક યુથ સર્વેક્ષણ હાથ ધરાયું જેમાં 14-29ની વયના યુવા લોકોને પૂછવામાં આવ્યું કે તેઓ COVID-19 થી કેટલા પ્રભાવિત થયા. આજ દિન સુધી, 200 કરતા વધુ યુવાનોએ પ્રતિભાવ આપ્યા છે.
- દ્વિ-સાપ્તાહિક ધોરણે સમસ્યાઓ ધ્યાન પર લેવા અને વિનંતી અનુસાર ટેકો પૂરો પાડવા માટે 35 યુવાનોને સેવા આપતા સંગઠનો સાથે બેઠકો.
- ઘરમાં રહીને યુવાનો સક્રિય રહે તે માટે ઓનલાઇન પ્રવૃત્તિઓ હાથ ધરે છે, જેમાં સામેલ છે ઇન્સ્ટાગ્રામ લાઇવ ચૅટ્સ અને ગમ્મતભર્યા ટિક ટોક વિડિઓ તથા બીજું બધું. આ અઠવાડિયે સિટી નિઃશુલ્ક વર્ચ્યુઅલ પ્રવૃત્તિઓ કરીને નૅશ્નલ યુથ વીકની ઉજવણી (મ 1-7) કરી રહ્યું છે.

આ સમય દરમિયાન મદદગારોને સહાય કરવા માટે ઉપલબ્ધ સંસાધનો વિશે વધુ માહિતી અહીં ઉપલબ્ધ છે www.brampton.ca/COVID19

**BRAMPTON** **Media Release**

**અવતરણો**

"એક બીજાથી દૂર રહીને પણ આપણો સમાજ અત્યંત અસરકારક અને અર્થપૂર્ણ રીતે સંપેલો રહ્યો છે. રહેવાસીઓ, ભાગીદારો અને સ્થાનિક વ્યવસાયો COVID-19 ની અસરોથી સૌથી સંવેદનશીલ લોકોને સહાય પૂરી પાડવા માટે આગળ આવ્યા છે છેવટે જ્યારે આપણે સિટીને ફરી ખોલીશું તેના ઉપલક્ષમાં અમે જાણીએ છીએ કે હજું ઘણું બધું કામ કરવું બાકી છે. હું આહ્વાન આપું છું કે રહેવાસીઓ ચીંધેલા માર્ગે આગળ વધવું ચાલું રાખે, અમારા આરોગ્ય વિશેષજ્ઞોની સલાહ અનુસરે અને એકબીજાને મદદરૂપ થવા પ્રતિબદ્ધ રહે."

*- પૅટ્રિક બ્રાઉન, મેયર, સીટી ઓફ બ્રૅમ્પટન*

"અમારી ટીમ, રહેવાસીઓ અને વ્યવસાયોની પ્રતિબદ્ધતા અને અથાગ પરિશ્રમથી અમે COVID-19નો ફેલાવો રોકવામાં ઘણું બધું હાંસલ કરી શક્યા છીએ. જે લોકોને તેની સૌથી વધુ જરૂર છે એવા લોકોને મદદરૂપ થતા રહીને અમે આપણા સમાજના આરોગ્ય અને સલામતીનું રક્ષણ કરવા દરેક પ્રયાસો કરવાના ચાલું રાખીશું. ”

*- ડેવિડ બારિક, ચીફ એડમિનિસ્ટ્રેટિવ ઓફિસર (David Barrick, Chief Administrative Officer), સિટી ઓફ બ્રૅમ્પટન*

-30-

**મિડિયા સંપર્ક :**
મોનિકા દુગ્ગલ (Monika Duggal)
કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી એંગેજમેન્ટ
વ્યૂહાત્મક સંવાદ
સીટી ઓફ બ્રૅમ્પટન
905-874-3426 | Monika.Duggal@brampton.ca